પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૩૭ | ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૦, બુધવાર; મહા વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારત પાંચમી મોટી અર્થવ્યવસ્થાવાળો દેશ બન્યો

**अर्थव्यवस्था में दुनिया के टॉप-10 देश**

| देश | 2019 में जीडीपी (लाख करोड़ रुपए) | रैंक |
|---|---|---|
| अमेरिका | 1522 | 1 |
| चीन | 1004 | 2 |
| जापान | 365 | 3 |
| जर्मनी | 284 | 4 |
| भारत | 209 | 5 |
| ब्रिटेन | 201 | 6 |
| फ्रांस | 192 | 7 |
| इटली | 141 | 8 |
| ब्राजील | 131 | 9 |
| कनाडा | 123 | 10 |

(जीडीपी के आंकड़े वर्ल्ड पॉपुलेशन रिव्यू के मुताबिक)

**અમેરિકન થીંક ટેંક દ્વારા જાહેર કરાયો ટોપ ટેન દેશોનો આર્થિક રિપોર્ટ : બ્રિટન અને ફ્રાન્સને પછાડી ભારતે સાતમેથી પાંચમા ક્રમે સ્થાન મેળવ્યું : જીડીપીનો વાર્ષિક ગ્રોથ ૫ ટકા રહેવાનું અનુમાન : દેશની જીડીપી ૨૦૯ લાખ કરોડ રૂપિયા : સરકારે ૨૦૨૫ સુધી ૩૫૫ લાખ કરોડનું લક્ષ્ય નક્કી કર્યું છે : ભારતનું સર્વિસ સેક્ટર વિશ્વની ઝડપથી વધતા સેક્ટરમાં સામેલ**

ન્યુ દિલ્હી,તા.૧૮

વિશ્વના સૌથી શક્તિશાળી દેશ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ભારત મુલાકાત પહેલા ભારતે આર્થિક મોરચે એક સિધ્ધિ મેળવી છે. અર્થવ્યવસ્થામાં વિશ્વના ટોપ ૧૦ દેશોમાં સાતમા સ્થાને રહેનાર ભારતે બ્રિટન અને ફ્રાન્સને પછાડીને હવે વિશ્વમાં પાંચમી મોટી અર્થવ્યવસ્થાવાળા દેશ તરીકેનું સ્થાન મેળવ્યું છે. જેને મોદી સરકારની એક સફળતા માનવામાં આવી રહી છે. ૨૦૧૯માં ભારત ૨૦૯ લાખ કરોડની જીડીપી સાથે પાંચમા ક્રમનું સૌથી મોટુ અર્થવ્યવસ્થા ધરાવનાર દેશ બનતા અર્થતંત્રને લઈને થઈ રહેલી મોદી સરકારની આલોચના કરનારાઓ માટે બાબત તેમની આલોચનાના જવાબ સમાન હોઈ શકે એમ સૂત્રો માની રહ્યાં છે. અમેરિકાની થિંક ટેંક વર્લ્ડ પોપ્યુલેશનના રિવ્યુનો રિપોર્ટ જાહેર થયો છે. જેમાં-ભારતની નીતિઓ હવે ગ્લોબલ ઈકોનોમી મુજબ અમલમાં ચાલી રહી છે એમ જણાવીને ભારતની જીડીપી ૨૦૯ લાખ કરોડ રૂપિયા હોવાનું જાહેર કર્યું છે. જો કે મોદી સરકારે ૨૦૨૫ સુધી ૩૫૫ લાખ કરોડનું એટલે કે ૫ ટ્રીલીયન

● અનુસંધાન પાન-૭ પર

# બિહારના રાજકારણમાં ત્રીજા મોરચાનો નિશ્ચિત બનતો ઉદય

**બિહારને હવે એક શક્તિશાળી નેતૃત્વની જરૂર : પ્રશાંત કિશોર 'બાત બિહાર કી' માધ્યમથી સમગ્ર રાજ્યના યુવાનને જોડાશે**

પટણા,તા. ૧૮

જેડીયુમાંથી હકાલપટ્ટી થયા બાદ મુખ્યમંત્રી નીતિશકુમાર સામે મોરચો ખોલી ચુકેલા પ્રશાંત કિશોરે આજે મોટી રાજકીય જાહેરાત કરી હતી. પાટનગર પટણામાં પત્રકાર પરિષદ યોજીને પ્રશાંતે કહ્યું હતું કે, રાજ્યના લાખો યુવકોને એક સાથે લાવવા માટે બાત બિહાર કી કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. અલબત્ત પ્રશાંત કિશોરે કોઈ નવી પાર્ટી બનાવવાની જાહેરાત કરી ન હતી પરંતુ જાણકાર લોકોનું કહેવું છે કે, બિહારને દેશના અગ્રણી રાજ્યોમાં સામેલ કરવા માટે તેઓ ઈચ્છુક છે. આના માટે તેઓ એક મિશન ઉપર નિકળવા ઈચ્છુક છે. યુવાનોની એક ફોજ તૈયાર કરવામાં આવશે. તેમની આ જાહેરાતને નીતિશકુમાર સામે ત્રીજા મોરચાની રચના તરીકે પણ જોવામાં આવે છે. નીતિશકુમાર ઉપર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, રાજ્યના લોકોએ બીજા રાજ્યના લોકોને ટ્વિટર અને ફેસબુકનો ઉપયોગ કરતા શીખવાડ્યા છે પરંતુ બિહાર આજે પણ અન્ય રાજ્યોથી પાછળ છે. પ્રશાંત કિશોરે બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર ઉપર જોરદાર




પ્રહારો જારી રાખ્યા હતા. તેમણે એમ પણ કહ્યું હતું કે, બિહારની ચૂંટણી કોના નેતૃત્વમાં લડવામાં આવશે તે વાત કરવાનો અધિકાર ગુજરાતના લોકોને નથી. રાજકીય વ્યુહરચના તૈયાર કરવામાં નિષ્ણાંત ગણાતા પ્રશાંત કિશોરેએ આજે કહ્યુ હતુ કે કોઈ પણ રાજકીય પાર્ટી અથવા તો ગઠબંધન બનાવવાની કોઈ યોજના નથી. તેમણે કહ્યુ હતુ કે હવે બિહારને એક મજબુત અને શક્તિશાળી નેતૃત્વની જરૂર દેખાઈ રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# રેલ્વે સ્ટેશન પર ફ્રી વાઈ-ફાઈ સેવા બંધ કરાશે

**ઇન્ટરનેટ અને ઓનલાઈન સેવા પહેલાની સરખામણીમાં વધારે સરળ તેમજ સસ્તી બન્યા બાદ ગુગલ દ્વારા જાહેરાત**

નવી દિલ્હી, તા.૧૮

દિગ્ગજ કંપની ગુગલે જાહેરાત કરી છે કે, તે ૨૦૨૦ના અંત સુધી ભારત સહિત સમગ્ર દુનિયામાં પોતાના સ્ટેશન પ્રોગ્રામને બંધ કરી દેવા ઈચ્છુક છે. ગુગલનું કહેવું છે કે, છેલ્લા પાંચ વર્ષના ગાળામાં ઈન્ટરનેટ અને ઓનલાઈન સેવા પહેલાની સરખામણીમાં વધારે સરળ અને સસ્તી બની ગઈ છે જેના પરિણામ સ્વરુપે આ યોજના ઉપર તેઓ પહોંચી રહ્યા છે. ફ્રી વાઈ-ફાઈ સર્વિસને ગુગલ ભારતના સ્ટેશનો ઉપર પણ બંધ કરવાની યોજના ધરાવે છે. ભારતીય રેલવે અને રેલ ટેલની સાથે ગુગલ દ્વારા જે ફ્રી વાઈ-ફાઈવાળા સ્ટેશન પ્રોગ્રામની શરૂઆત કરી છે તેને હવે બંધ કરવાનો નિર્ણય કરાયો છે. ગુગલે ૨૦૧૫માં ભારતીય રેલવે અને રેલ ટેલની સાથે મળીને સ્ટેશન પ્રોગ્રામની શરૂઆત કરી હતી જેથી ૨૦૨૦ના મધ્ય સુધી દેશમાં ૪૦૦ રેલવે સ્ટેશનો ઉપર લોકો માટે મફત વાઈફાઈ સુવિધા ઉપલબ્ધ કરાવવાની યોજના હતી. ગુગલના ઉપપ્રમુખ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, હવે એ

● અનુસંધાન પાન-૭ પર





# કોરોના વાયરસને રોકવા માટે વેક્સીન તૈયાર થઈ

**પ્રિ ક્લિનિકલ ટેસ્ટ માટે વેક્સીનને તૈયાર કરવામાં આખરે સફળતા મળી : ભારત અને અમેરિકન સંસ્થાની સફળતા : છ મહિનામાં માનવી પર ટ્રાયલ થશે**

પુણે,તા. ૧૮

સમગ્ર દુનિયામાં હજારો લોકોને મોતના મુખમાં લઈ ચુકેલા કોરોના વાયરસને રોકવા



માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. હવે ભારત અને અમેરિકાની તબીબી સંસ્થાએ કોરોના વાયરસને રોકવાની દિશામાં પ્રથમ પગલુ લીધુ છે. પ્રી ક્લિનિકલ ટેસ્ટ માટે કોરોના વાયરસ શીલ્ડ તૈયાર છે. માનવી પર છ મહિનાની અંદર ટ્રાયલ હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. આને મોટી સફળતા તરીકે જોવામાં આવે છે પુણે સ્થિત સિરમ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડિયા અને અમેરિકન બાયોટેકનોલોજી કંપનવી કોડાજેનિક્સે સાથે મળીને આ વેક્સીન તૈયાર કરી છે. કોરોના વાયરસની સામે આ રસી અથવા તો વેક્સીન તૈયાર કરવામાં આવી છે. કોરોના વેક્સીનની તૈયારી છેલ્લા કેટલાક સમયથી ચાલી રહી હતી. લેબોરેટરીમાં બનાવવામાં આવેલા સિન્થેટિક વાયરસનો ઉપયોગ કરીને આ વેક્સીન તૈયાર કરવામાં આવી છે. આ મોટી સફળતા છે. કારણ કે ચીનથી સમગ્ર દુનિયામાં ફેલાઈ રહેલા આ રોગના કારણે મોટી સંખ્યામાં મોત થઈ ચુક્યા છે. સાથે સાથે વેક્સીન તૈયાર કરવામાં ઓછો સમય લાગ્યો છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે આ વેક્સીનને સંપૂર્ણપણે તૈયાર કરવામાં સમય લાગી શકે છે.

# મસૂદ અઝહર પાકમાં બોમ્બપ્રૂફ સ્થળે સંતાયો છે : ભારતીય ગુપ્તચર

**મસુદ અઝહર પાકિસ્તાનના બહાવલપુર શહેરમાં છુપાયો છે : મસુદની આસપાસ ખુબ મજબુત સુરક્ષા વ્યવસ્થા**

નવી દિલ્હી,તા. ૧૮

પડોશી દેશ પાકિસ્તાનના ઝુઠ્ઠાણાનો ફરી એકવાર પર્દાફાશ થઈ ગયો છે. પાકિસ્તાને હાલમાં કહ્યુ હતુ કે કુખ્યાત ત્રાસવાદી મસુદ અઝહર લાપતા થઈ ગયો છે. જો કે હવે એવી માહિતી ખુલીને સપાટી પર આવી છે કે તે પાકિસ્તાનમાં જ છુપાયો છે. પાકિસ્તાન સરકારને આની માહિતી પણ છે. મળેલી માહિતી મુજબ ભારતના મોસ્ટ વોન્ટેડ ત્રાસવાદી મસુદ અઝહર હાલમાં પાકિસ્તાનના બહાવલપુર શહેરમાં છુપાયો છે. બહાવલપુરના રેલવે લિન્ક રોડ પર તેનો અડ્ડો છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે જે જગ્યા પર તે છુપાયેલો છે ત્યાં મજબુત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી રહી છે. મસુદ જે જગ્યાએ છુપાયો છે તે બહાવલપુર ત્રાસવાદી હેડક્વાર્ટરની પાછળ છે. એવા હેવાલ પણ મળ્યા છે કે જ્યાં તે છુપાયેલો છે તે જગ્યા પર બોંબ હુમલાની કોઈ અસર થનાર નથી. મસુદના અન્ય ત્રણ સ્થળોની માહિતી પણ મળી છે. જેમાં તે વારંવાર અવરજવર કરે છે. મસુદ અઝહરના સંબંધમાં કેટલીક નવી બાબતો સપાટી પર આવી છે. ત્રાસવાદીઓની સામે કાર્યવાહી કરવાના નામે પાકિસ્તાન હજુ દુનિયાના દેશોમાં ગેરમાહિતી ફેલાવી રહ્યુ છે. ત્રાસવાદીઓ સામે પગલા લેવામાં તે નિષ્ફળ સાબિત થઈ રહ્યો છે. ઈમરાન ખાનની સરકાર કાર્યવાહી કરવાના બદલે ત્રાસવાદીઓને શરણ આપી રહી છે. અમેરિકા સહિતના દેશો વધુ કઠોર વલણ અપનાવે તે જરૂરી છે. મળેલી માહિતી મુજબ ભારતના મોસ્ટ વોન્ટેડ આતંકવાદી મસુદ અઝહર હાલમાં પાકિસ્તાનના



બહાવલપુર શહેરમાં રહે છે.

અઝહરના અન્ય અનેક અડ્ડાઓ પણ છે જેમાં કસુર કોલોની બહાવલપુર, મદરેસાબિલાલ હબસી, ખેબરપખ્તુનખ્વા અને મદરેસા મસ્જિદ એ લુકમાન પખ્તુનખ્વાનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૧૬માં પઠાણકોટમાં થયેલા હુમલા સાથે સંબંધિત ડોઝિયર પાકિસ્તાનને સોંપવામાં આવ્યા બાદ તેમાં એક ફોન નંબરનો ઉલ્લેખ હતો જેના લીંક બહાવલપુર ટેરર ફેક્ટ્રી સાથે જોડાયેલા હતા.

# યેદિયુરપ્પા સરકાર પર સંકટના વાદળો ઘેરાયા

બેંગલુરુ,તા.૧૮

કર્ણાટકમાં ફરીથી એક વખત રાજકીય નાટક શરૂ થઈ ગયું છે. આ વખતે કોંગ્રેસ અને જનતા દળ સેક્યુલરના બળવાખોર ધારાસભ્યો નહી, પરંતુ ભાજપના જ ધારાસભ્યોએ મુખ્યમંત્રી યેદિયુરપ્પા સામે બાંયો ચઢાવી છે. જેના કારણે રાજકારણ ગરમાયું છે. મંત્રીના બની શકેલા અંદાજે ૧૦-૧૫ ધારાસભ્યોએ બેઠક કરીને મુખ્યમંત્રી યેદિયુરપ્પા વિરૂદ્ધ રણનીતિ પર ચર્ચા કરી છે. એવું પણ કહેવાય છે કે, આ ધારાસભ્યો મુખ્યમંત્રી યેદિયુરપ્પાથી નારાજ છે. આ ધારાસભ્યોનો આરોપ છે કે, યેદિયુરપ્પાના પુત્રો સુપર સીએમ તરીકે કામ કરી રહ્યાં છે. રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી જગદીશ શેટ્ટારના ઘરે ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી. ધારાસભ્યો દ્વારા લખવામાં આવેલી ચિઠ્ઠીમાં કોઈના હસ્તાક્ષર નથી, પરંતુ તેમાં સીએમ યેદિયુરપ્પા વિરૂદ્ધ બળવાની ઝલક દેખાઈ રહી છે.

# કોંગ્રેસ નેતા અહમદ પટેલને ઈન્કમટેક્સ વિભાગનું તેડુ

**અહમદ પટેલને ૪૦૦ કરોડ રૂપિયાના હવાલા કેસમાં ઈક્મટેક્સ વિભાગ પૂછપરછ હાથ ધરશે**

ન્યુ દિલ્હી,તા.૧૮

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પાર્ટીના ટ્રેજરર અહમદ પટેલની મુસીબતો અચાનક વધી ગઈ છે. આવકવેરા વિભાગે હવાલા ટ્રાન્જેક્શન કેસમાં અહમદ પટેલને સમન્સ મોકલ્યું છે. હવે અહમદ પટેલને ૪૦૦ કરોડ રૂપિયાના હવાલા કેસમાં ઈક્મટેક્સ વિભાગ પૂછપરછ હાથ ધરશે.

આવકવેરા વિભાગે પટેલને રુપિયા ૪૦૦ કરોડના હવાલા ટ્રાન્જેકશન કેસમાં નોટિસ પાઠવીને હાજર થવાનો આદેશ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે, ઈક્મ ટેક્સ ડિપાર્ટમેન્ટ વિભિન્ન કંપનીઓ દ્વારા કોંગ્રેસ પાર્ટીને મોકલવામાં આવેલા ૪૦૦ કરોડ રુપિયાથી વધારાના હવાલા ટ્રાન્જેક્શનની તપાસ કરી રહ્યું છે. અગાઉ ઈક્મટેક્સ ડિપાર્ટમેન્ટે અહમદ પટેલને ૧૧ ફેબ્રુઆરીએ સમન્સ મોકલ્યું હતુ અને ૧૪ ફેબ્રુઆરીએ હાજર થવા જણાવ્યું હતું. આ સમન્સ આઈટી -એક્ટની સેકસન ૧૩૧ અંતર્ગત મોકલવામાં આવ્યું હતું.

જો કે અહમદ પટેલે તબીયત ખરાબ હોવાનું કારણ જણાવીને ઈક્મ ટેક્સ વિભાગના અધિકારીઓ સમક્ષ હાજર થયા નહતા. અહમદ પટેલે જણાવ્યું હતું કે, તેમને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી છે અને હાલ તેઓ ફરીદાબાદની એક હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જો કે હજુ સુધી એવી જાણકારી નથી મળી રહી કે, અહમદ પટેલ આ વખતે પણ આવકવેરા વિભાગ સમક્ષ હાજર થશે કે કેમ? ઈક્મટેક્સ વિભાગના સમન્સ પર અહમદ પટેલ તરફથી કોઈ પ્રતિક્રિયા સામે નથી આવી.

# જેફ બેઝોસનું ક્લાઈમેટ ચેન્જ સામે લડવા ૭૧ હજાર કરોડનું દાન

વોશિંગ્ટન,તા.૧૮

એમેઝોનના સીઈઓ અને વિશ્વના સૌથી મોટા અમીર જેફ બેઝોસ ક્લાઈમેટ ચેન્જનો સામનો કરવા માટે ૧૦ બિલિયન ડોલર(લગભગ ૭૧ હજાર ૪૧૯ કરોડ રૂપિયા)નું દાન કરવાની જાહેરાત કરી છે. આ રકમ તેમની સંપતિના ૭.૭ ટકા છે. બેઝોસની સંપતિ ૧૩૦ બિલિયન ડોલર(લગભગ ૯ લાખ ૨૮ હજાર ૪૪૪ કરોડ રૂપિયા) છે.

સોમવારે બેઝોસે ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા જણાવ્યું કે બેઝોસ અર્થ ફન્ડની શરૂઆત કરશે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૯-૨૦ માટે આપ સરકારે ૬૦,૦૦૦ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કર્યું હતું.

# અમરસિંહે અમિતાભ બચ્ચનની માફી માંગી

**જિંદગી માટે લડતી વેળા હવે અમરસિંહે ભાવુક ટ્વિટ કર્યુ : કિડનીની સારવાર અર્થે સિંગાપોરમાં**

લખનૌ, તા.૧૮

સિંગાપોરમાં કિડનીની સારવાર કરાવી રહેલા સમાજવાદી પાર્ટીના પૂર્વ નેતા અમરસિંહે કોઈ સમયે પોતાના સૌથી નજીકના મિત્ર તરીકે રહેલા બોલીવુડના અભિનેતા અમિતાભ બચ્ચનની માફી માંગી લીધી છે. ગંભીરરીતે બિમાર રહેલા અમરસિંહે કહ્યું છે કે, તેઓ જિંદગીનો જંગ લડી રહ્યા છે અને જીવનના આ વળાંક ઉપર અમિતાભ બચ્ચનની માફી માંગે છે. અમરસિંહે વિડિયો સંદેશ અને સાથે સાથે ટ્વિટ મારફતે અમિતાભના નામ પર માફીનામુ જારી કર્યુ છે. અમરસિંહે કહ્યું છે કે, સંબંધોમાં કડવાસ રહી હોવા છતાં અમિતાભ બચ્ચને હંમેશા પોતાની ફરજ અદા કરી હતી પરંતુ તેઓએ હંમેશા નફરત ફેલાવવાના પ્રયાસો કર્યા હતા. અમરસિંહે લખ્યું છે કે, આજે તેમના પિતાની પૂણ્યતિથિ છે તેમને આને લઈને જ અમિતાભ બચ્ચનનો સંદેશો મળ્યો છે. આજે જીવનના આ સમયમાં જ્યારે તેઓ જીવન અને મોત વચ્ચે લડત ચલાવી રહ્યા છે ત્યારે તેઓ અમિતાભ બચ્ચન અને તેમના સમગ્ર પરિવારના સભ્યોથી પોતાની ટિપ્પણી બદલ માફી માંગવા માટે ઈચ્છુક છે. ભગવાન તેમના તમામ ઉપર આશીર્વાદ રાખે તેમ તેઓ પ્રાર્થના કરે છે.

કૈલાસ યાત્રા જતા પહેલા કૈલાસ વિશે જાણો...
કૈલાસ માનસરોવર યાત્રા
R K VACATIONS PVT. LTD.
079- 40 40 35 35 | 61 61 35 35

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225